# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no:-૦૨૬૧-૨૬૬૨૯૦૨web :-www.suratdeo.org


જા.નં. મા-૨/૫૨ચ/૨૦૨૩/ ૬૫૦૭ તારીખઃ-૨૦/૦૪/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓ,સુરત

વિષયઃ-અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની વર્ષ : ૨૦૨૨-૨૩ પોસ્ટ મેટ્રીકની શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવા બાબત.

સંદર્ભ : નાયબ નિયામક,અનુ.જાતિ કલ્યાણની કચેરી,સુરતનાં પત્ર ક્રમાંક : ના.નિ/૨૦૨૩-૨૪/૯૨૭-૯૩૬ તા.૧૭/૦૪/૨૦૨૩

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,વર્ષ : ૨૦૨૨-૨૩ અંતર્ગત જુદી જુદી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિનાં લાભથી વંચિત ન રહી જાય તે માટે શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ તા.૧૫/૦૪/૨૦૨૩ થી ૨૫/૦૪/૨૦૨૩ સુધી રીઓપેન કરવામાં આવેલ છે. જે અન્વયે આપની કક્ષાએથી નિયમાંનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. જો આપની શાળાનો કોઇ વિદ્યાર્થી સદર યોજનાના લાભથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી સબંધિત શાળાના આચાર્યની રહેશે.જે ધ્યાને લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ.સુરત.

બિડાણઃ-ઉપર મુજબ

Scanned with CamScanner

G20 भारत 2023 INDIA

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત

☎ ૦૨૬૧ ૨૪૬૪૪૩૦- ઇ :: મેઇલ-swo-sur@gujarat.gov.in

જા.નં. /ના.નિ.અ.જા.ક./૨૦૨૩-૨૪/ 927-936

તા.૧૫/૦૪/૨૦૨૩

પ્રતિ,

૧) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત
૨) રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત
૩) રજીસ્ટ્રારશ્રી, ઉકા તરસાડીયા યુનિવર્સીટી, સુરત
૪) રજીસ્ટ્રારશ્રી, પી.પી.સવાણી યુનિવર્સીટી, સુરત
૫) રજીસ્ટ્રારશ્રી, ઓરો યુનિવર્સીટી, સુરત
૬) આચાર્યશ્રી, આઈ. ટી. આઈ., સુરત
૭) રજીસ્ટ્રારશ્રી, વનિતા વિશ્રામ યુનિવર્સીટી, સુરત
૮) રજીસ્ટ્રારશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સીટી, સુરત
૯) રજીસ્ટ્રારશ્રી, સાર્વજનિક યુનિવર્સીટી, સુરત

**વિષય:- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની વર્ષ :૨૦૨૨-૨૩ પોસ્ટ મેટ્રીકની શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ રી- ઓપન કરવા બાબત.**

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી પોસ્ટમેટ્રિક શિષ્યવૃતિ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩ જુદી - જુદી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિ/સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું ચુકી ગયેલ હોય તેમજ ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું ચુકી ગયેલ હોય તેમજ જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થીઓથી શરતચુકથી ક્લોઝ કરી દિધેલ હોય .તદુપરાંત વર્ષ ૨૦૨૨-૨૩ની મેડીકલ તથા પેરા મેડીકલ અભ્યાસક્રમોમાં એડમીશન પ્રક્રિયા પણ મોડી પુર્ણ થયેલ હોય આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પણ આવરી લેવા જરૂરી બને છે

**આમ, વર્ષ: ૨૦૨૨-૨૩ અંતર્ગત જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તે માટે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨-૨૩ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ છેલ્લીવાર તા: ૧૫-૦૪-૨૦૨૩ થી ૨૫-૦૪-૨૦૨૩ સુધી (દસ દિવસ) રીઓપેન કરવામાં આવેલ છે. જેની જાણ આપના તાબા હેઠળની તમામ શાળા/કોલેજ /સંસ્થાને કરવી અને આપની વેબસાઈટ પર પત્ર અપલોડ કરવા વિનંતી છે.**

વધુમાં જણાવવાનું કે, હવે પછી કોઇ વિદ્યાર્થી વર્ષ ૨૦૨૨-૨૩ મા શિષ્યવૃત્તિના ફોર્મ ભરવાના બાકી રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે શાળા-કોલેજના આચાર્યશ્રી અને શિષ્યવૃત્તીનુ કામ કરતા કર્મચારીશ્રીની રહેશે જેની નોંધ લેવા વિનંતી.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

**નકલ સવિનય રવાના:**

૧) મે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ.

Scanned with CamScanner